**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**
**અમદાવાદ શહેર (P.R.O.)**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**
**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૮/૧૦/૨૦૨૩  શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૬૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૩૮ લીટર દેશી દારૂ, ૧૬૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૯૨ બિયર ટીન, ૨ કાર અને ૯ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૭૦/૨૦૨૩

**એરપોર્ટઃ** વિવેક રાજેશભાઇ શાહ (રહે. સાકેત-૨ વાય.એમ.સી.બોપલ રોડ ન્યુ એલ.જે.કોલેજ મકરબા) એ તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખતે નોધાવી છે કે વિવેક શાહ ડોમેસ્ટિક એરપોર્ટ ખાતે શ્રીરાજ કેબ્સ નામની ઓફિસ ધરાવી વાહન ભાડે આપવાનો ધંધો કરતા હોઈ તા.૦૫/૦૮/૨૦૨૩ રાત ૦૦/૩૦ વાગ્યાના સુમારે અમિતકુમાર છબીલદાસ ઓઝા (રહે.પંખીયાવાસ કસબા મહેસાણા) નામની વ્યક્તિ સુરત જવાનુ કહી ટોયોટા ગ્લાન્જા નંબર જીજે જેટી ૬૭૪૩ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- ભાડા પેટે લઈ જઈ આજદિન સુધી પરત નહી આપી છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૭૭૧/૨૦૨૩

**વટવા જીઆઈડીસીઃ** મુરારીલાલ ઘાસીરામ શર્મા (રહે. ધનલક્ષ્મી કિરાણા સ્ટોર દુકાન નં-૧૧ ઉપર પહેલા માળે, કામધેનુ કોમ્પ્લેક્ષ રામોલ ચોકડી પાસે, ફેજ-૦૪ જીઆઈડીસી વટવા) એ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૦/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૭/૧૦/૨૦૨૩ કલાક ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ધનલક્ષ્મી કિરાણા સ્ટોર, દુકાન નં-૧૧ કામધેનુ કોમ્પ્લેક્ષ ખાતે અજાણી વ્યક્તિ દુકાનનું શટર તોડી દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી અર્બુદા કપાસીયા તેલના ડબા નંગ-૮ કિમત રૂપિયા ૧૦,૯૬૦/-, તાનસેન ગુટકાના પેકેટ નંગ-૩૫ કિમત રૂપિયા ૭,૭૨૫/- અને રોકડ રૂપિયા ૧,૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૩,૬૮૫/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭૨/૨૦૨૩</u>**

**ચાંદખેડાઃ** ભુમિકાબેન વા/ઓ મયંકભાઇ ચૌહાણ (રહે. ઇફ્કો ટાઉનશીપ કસ્તુરીનગર ગામ-શેરથા તા.કલોલ જી.ગાંધીનગર) એ તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા વિસત તપોવન હાઇ-વે ફોર ડી સ્ક્વેર ખાતે આવેલ ડોમિનોઝ પિઝા સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં લેપટોપ, ચાર્જર, બ્યુટુથ હેડફોન મળી કિમત રૂપિયા ૩૫,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**કાગડાપીઠઃ** આમીર મુસ્તાક શેખ (રહે. ન્યુ ફૈસલનગર, બીઆરટીએસ વર્કશોપ પાછળ નારોલ રોડ દાણીલીમડા) એ તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ  કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યાનાં સુમારે આમીર શેખની પત્ની  બીઆરટીએસ બસમાં બેસી એલીસબ્રીજ વિક્ટોરીયા ગાર્ડનથી ગીતામંદિર બીઆરટીએસ બસ સ્ટેન્ડ સુધીની બીઆરટીએસ બસની મુસાફરી દરમ્યાન આમીર શેખની પત્નીના  પર્સમાંથી પોતાના પુત્રનું કાનમાં સાંભળવાનું મશીન કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ની.બામ્ભા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૭૩/૨૦૨૩</u>**

**માધવપુરાઃ** પિન્કીબહેન ડો/ઓ મુકેશભાઇ અગ્રવાલ (ઉ.વ.૨૭) (રહે.જોગેશ્વરી સોસાયટી જાગૃતિનગર સામે જોગેશ્વરી બીઆરટીએસ સામે અમરાઇવાડી) તા.૧૫/૧૦/૨૦૨૩ સવારના ૫/૩ વાગ્યાના સુમારે ઇદગાહ સર્કલ પાસે ગીરધરનગર બ્રીજ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પિન્કીબહેન અગ્રવાલના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પિન્કીબહેન અગ્રવાલએ તા.૨૭/૧૦/૨૦૨૩ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રકાશભાઇ છપ્પનભાઇ ચલાવે છે.

**નરોડાઃ** **દિ**લીપભાઇ ઇશ્વરભાઇ લાલવાણી (ઉ.વ.૪૧) (રહે. સિંધી નવજીવન સોસાયટી આર્ય સમાજ મંદીર સામે સૈજપુર બોઘા કૃષ્ણનગર) તા.૨૬/૧૦/૨૦૨૩ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે નરોડા બેઠક ત્રણ રસ્તા નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ **દિ**લીપભાઇ લાલવાણીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ **દિ**લીપભાઇ લાલવાણી એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.ટી.ડામોર ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૪/૨૦૨૩**

**રામોલઃ** ભાવનાબહેન મહેશભાઇ વાસવાની (ઉ.વ.૫૨) (રહે. શ્રીનંદ સીટી-૬, ન્યુ મણીનગર રામોલ) તા.૨૩/૧૦/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતા હતા ત્યારે પહેરેલ કપડાને આગ લાગતા દાઝી ગયા હતા. સારવર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૧૦/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭૫/૨૦૨૩**

**રાણીપઃ** દેવ જગદીશભાઈ ઠાકોર (ઉ.વ.૨૦) (રહે. ખાડીયાની ચાલી કેશવનગર સુભાષબ્રિજ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લાકડાની આડ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લંકેશકુમાર સુરમાજી ચલાવે છે.

**આનંદનગરઃ** ચંદ્રકાન્ત પરભુભાઈ નગાર્ચી (ઉ.વ.૩૦) (રહે. કૃષ્ણધામ ઔડાના મકાન વિભાગ-૨ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જયંતીભાઈ પોપટભાઈ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** એલીસબ્રીજ પોલીટેકનિક રોડ કેશવ પેટ્રોલ પંપની પાસે રમ્ય એપાર્ટમેંટ, બોયસ પી.જી એફ કોલોની ખાતે રહેતા રામસિંગ સ/ઓ વિરસિંગ ટમોટા (ઉ.વ.૨૪) (મુળ વતન. વોર્ડ નંબાર-૧ ગામ-માલમ તા.જી.ડડેલધુરા નેપાળ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૩ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક ખાતેથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હિમંતસિંહ ચલાવે છે.

**નારોલઃ** પ્રિયંકા વા/ઓ સુનિલભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૪)(રહે.ત્રિદેવનગર શ્યામ સુન્દરમનગરની બાજુમાં નારોલ કોર્ટ પાછળ શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જાળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી